# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

આઇપીએલને મિડિયા ખાલીખોટું ચગાવે છે
દેશ માટે નહીં ખેલાડીઓ ધનના લગાવે છે,
ડગાવે મનને મૂલ્યો ફિક્સ થઇ જાય સટ્ટામાં -
અબજોપતિઓ ગમ્મત માટે ગોધા લડાવે છે..
(ધનિકો નો જાહેર-જુગાર)

## હાઇકુ

અમદાવાદનું
એરપોર્ટ બન્યું છે -
સોનાની ખાણ!!
(દાણચોરી નું હબ)

હવે સભ્યોનો
પલટાયો પ્રવાહ -
છોડે ભાજપ!
(પક્ષમાં ભાંજગડ)

## ચિંતન

**તૃષ્ણે દેવિ નમસ્તુભ્યં ધૈર્ય વિપ્લવ કારિણી । વિષ્ણુ સ્ત્રૈલોક્ય પૂજ્યો અપિ યત્ત્વયા વામની કૃતઃ ॥**

'હે દેવી તૃષ્ણા નું ધૈર્ય - નો ક્ષણવારમાં નાશ કરનાર સમર્થ દેવી છે તને અમારા વંદન છે. કારણ કે ત્રણે લોકનાથ અને વિરાટ સ્વરુપ ભગવાન વિષ્ણુ જે પૂજવા લાયક છે તેણે પણ તેં ઇચ્છા-યાચના-તૃષ્ણાની લપટમાં લઇને તેં એને પણ વામન બનાવી નાખ્યા.'

'ઇચ્છા', 'તૃષ્ણા' - આશા-અપેક્ષા-યાચના-માગણી કરો એટલે માન-મર્યાદા-આબરુ-શરમ ને નેવે મૂકવી જ પડે.

કોઇ પણ વસ્તુ વિના ચલાવી લેવું - 'નથી'નો 'અભાવ' અનુભવ્યા વિના - ઓછી જરૂરિયાતમાં 'સંતોષ' માં જ સુખથી રહી શકાય. જયારે તમે કોઇ પણ ઇચ્છા કરો ત્યારથી દુઃખ-ઉપાધિ-ચિંતા શરુ થઇ જાય છે.

ભગવાન વિષ્ણુ યાચક બની બલિરાજા પાસે 'માગવા' ગયા. ત્રણ પગલાં જમીનની ઇચ્છા કરી તો ભગવાન જેવા ભગવાન - અર્જૂન સામે જે વિરાટ સ્વરુપે હતા એ જ વિષ્ણુને નાના બટૂક 'વામન' થવું પડ્યું.. હાથ લંબાવો એટલે 'નાના' થવું જ પડે!! માગો નહીં ચલાવી લ્યો!!

## સુવિચાર

- આંખ ઊઘડે છે ધ્યાન થાય છે, કાળ જાતાં એ જ્ઞાન થાય છે, લાખની જાન જાય છે ત્યારે, એકાદ માણસ મહાન થાય છે - **શયદા**
- કાગઝ પર રખ કર ખાના ખાયે ભી તો કૈસે.. ખૂબ સે લથપથ આતા હૈ અખબાર આજકલ - **નાઝ અમરોહી**
- જ્ઞાન એટલે જૂઠા ને સચ્ચાઇથી અલગ કરી શકે જે વિવેક બુદ્ધિ એટલે જ જ્ઞાન - **જ્ઞાનસૂત્ર**
- નદીમાં પાણી ઓછું હોય છતાં તે મીઠું હોય છે, દરિયામાં પાણી અગાધ હોય છતાં ખારું હોય છે, કેમ કે નદી બધાને આપતી જાય છે, જયારે દરિયો માત્ર સંગ્રહ કરે છે - **અમૃતબિંદુ**
- માત્ર સુખ-સગવડો વધારવાથી નહીં પણ તે સુખ સગવડોનો સમજદારી પૂર્વક ઉપયોગ કરવાથી સુખની પ્રાપ્તિ થતી હોય છે - **મુનિ વિજયચંદ્રજી**
- ઇશ્વરને સહજતાથી પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ સરળતા છે, સાદગી અને સરળતા બધાને મિત્ર બનાવી દેતા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણને મળેલી જીવનની સફળતા અને સાર્થકતા, અન્ય સાથે સ્પર્ધા કરીને આગળ નીકળી જવામાં નથી પરંતુ આપણો જ વિકાસ સાધવામાં છે - **સંત ઓગસ્ટીન**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજે વિદ્યાર્થીઓનું મન ટીવી-વીડિયોગેમ-મોબાઇલ-લેપટોપ-ફિલ્મો અને હોટેલ-રેસ્ટોરંટ અને ત્યાંની વાગનીઓ-કયાં શું વિશિષ્ટ મળે છે એવી બાબતોમાં વિભક્ત હોય છે. આથી 'ભણવા' - યાદ રાખવા જેવી અગત્યની વાતોમાં ચોંટી-સ્થિર થતું નથી. પહેલાંના જમાનામાં આવી આડસ-અડચણો નો'તી વિદ્યાર્થીનું મન માત્ર અભ્યાસ કેન્દ્રી હતું.

શિક્ષકે વર્ગમાં હિન્દી ફકરો લખાવવાની શરુઆત કરી અને કહ્યું, એ ફકરાનું અંગ્રેજીમાં રૂપાંતર-અનુવાદ કરીને લખો. એક પેજનો ફકરો લખાવ્યો જેનો અનુવાદ તૈયાર થઇ જાય તે હાથ ઊંચો કરે જેથી હું તપાસવા માટે આવી જાઉં...

ફકરો લખાવવાનું પૂર્ણ થયું કે તરત જ એક વિદ્યાર્થીએ કોપીબૂક ઊંધી કરી નાખી ને હાથ ઊંચો કર્યો. શિક્ષકને થયું એને નહીં આવડતું હોય - પુછ્યું - પ્રયત્ન તો કર જે શબ્દ નહીં આવડતા હોય તેમાં મદદ કરીશ.

વિદ્યાર્થીએ કહ્યું - સર, મેં અનુવાદ કરી લીધો છે. શિક્ષકને ખૂબ આશ્ચર્ય થયું. વાંચ્યુ સાચી વાત હતી. શિક્ષકે પૂછ્યું આ કેવી રીતે થયું?

વિદ્યાર્થી કહે આપ બોલતા હતા ત્યારે હું અનુવાદ કરીને અંગ્રેજીમાં જ લખતો હતો.

આ વિદ્યાર્થી તે લોકશાહીની લડતના નેતા...

શ્રી પુરુષોત્તમદાસ ટંડન.

Email - sureshchandrabhatt18@gmail.com

# પુસ્તકો વાંચવા - પુસ્તકો સાથે જોડાવું માત્ર બૌદ્ધિક રીતે જ નહિ પરંતુ ભાવનાત્મક રુપે પણ આપણને મજબૂત બનાવે છે

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

**પ્રિય સખી,**

ઉનાળો ધીમા પણ મક્કમ પગલે આવી પહોંચ્યો છે. હવે વેકેશનની લાંબી - ગરમ - આળશુ બપોર કેવી રીતે કાઢવી તે યક્ષ પ્રશ્ન બની રહેશે જો કે, મને હંમેશાં ઉનાળાની બપોર ગમે. નાની હતી ત્યારથી પરીક્ષાનું ટેન્શન જેવું દૂર થાય કે, વાર્તાની ચોપડીઓનો થોકડો ઘરે લઇ આવવાનો! અને બપોરે ઠંડા ટાઇલ્સ પર આડા પડી એક પછી એક વાર્તાઓને ઓહિયા કરી જવાની! કેવી મજા? વાંચવાનું એટલું ઘેલું લાગેલું કે, સવારે કામ કરતી વખતે પણ ચોપડી ખુલ્લી રાખી ને એક આંખ ચોપડીમાં અને એક કામ ઉપર રાખી લગભગ બેધ્યાન પણે કામ કરવાનું ને રસપૂર્વક વેતાળ પચ્ચીસી કે ધૂમકેતુ ના અજબગજબ પાત્રો સાથે તાદાત્મય સાધવાનું. દૂધ ઊભરાઇ જાય, પાણી ઢોળાઇ જાય, રોટલી બળી જાય. ઘણીવાર વડીલોનો ઠપકો પણ મળે. કચરો વાળતાં - વાળતાં સાવરણી બાજુ પર રહી જાય ને હાથમાં આવેલું ચોપાનિયું રસપૂર્વક વંચાઇ જાય. ત્યારે ઉનાળાની બપોર એટલી કડવી નહોતી લાગતી, કારણ! બપોર થતાં જ સાયકલને ગુલમ્હોરની છાયામાં ચલાવતાં - ચલાવતાં લાઇબ્રેરીમાં પહોંચી જવાનું ને પછી તો જાણે કોઇએ કુબેરનો ખજાનો ખુલ્લો મૂકી દીધો હોય તેવો આનંદ થાય. લાઇબ્રેરીના અંધારિયા ખૂણાઓની વાસ પણ ગમે. કેટલીક કવિતાઓ તો ત્યાં જ ઊભા ઊભા વાંચી નાંખવાની - યાદ કરી લેવાની, ગમતી કવિતા કે ગઝલ ના પાના ફાડી ચૂપચાપ ખિસ્સામાં સરકાવી દેવાની નાજાયઝ હરકત પણ કરી લીધી છે. રાવજી પેટલની એક કવિતા ભણવાની આવતી, "મારા ખેતરને શેઢેથી લ્યા' ઊડી ગઇ સારસી..." - એટલી બધી ગમી ગઇ કે 'અંગત' (રાવજી પટેલનો એક માત્ર કાવ્ય સંગ્રહ) વાંચવાની અદમ્ય ઇચ્છા થઇ આવી. પછી શું? લાઇબ્રેરીમાં ખાસ્સી વારના સંશોધન પછી 'અંગત' હાથ લાગી અને એવો રસ પડ્યો કે ત્યાં ઊભાં ઊભાં જ એમાંની મોટા ભાગની કવિતાઓ વાંચી નાંખી. અને એમ કરતાં ઘરે જતાં મોડું થઇ ગયું, ત્યારે મમ્મીએ ઠપકો આપ્યો હતો. પરંતુ ત્યારેય તેમના શબ્દો માથા ઉપરથી જતાં રહ્યાં હતા. કારણ કે મગજ તો રાવજીના 'અંગત' નશાથી તરબતર હતું ને! ભણવાની ચોપડીઓની વચ્ચે વાર્તાની ચોપડીઓ મૂકીને વાંચવાની લહેજત કંઇ ઓર જ હતી. ક.મા. મુનશીના 'પરશુરામ' ના તો એક એક પાના ને ત્રણ ચાર વખત વાંચીને શરીરના રુંવાડા ઊભાં થઇ જતા - અને પરશુરામની વીરતા એન ખુમારી એવાં આત્મસાત્ થઇ ગયા કે ઘણાં સંઘર્ષના પ્રસંગોએ પુસ્તકમાંના શબ્દો લોહીની સાથે ઓગાળી જઇને રોમ રોમથી આભા બની પ્રગટ થતાં અનુભવ્યા છે.

અત્યારે હાલ પણ કોઇના ઘરે કે ઓફિસમાં પુસ્તકનું કબાટ જોઉં તો મીઠાઇની દુકાન આગળ ઊભા રહીને બાળક જે વિસ્મય અને લાલચ અનુભવે તેવો ભાવ અનુભવાય છે. પુસ્તકના પાનાને સ્પર્શતા જ એક ભાવસૃષ્ટિ ખુલે છે. જુના પુસ્તકની સ્હેજ ભેજવાળી વાસ, તાજા છપાયેલાં પુસ્તકની કડક સુવાસ એટલી ગમે કે પુસ્તક હાથમાં આવતાં જ તેને નાક સુધી લઇ જઇને સુંઘી લેવાની લાલચ રોકી શકાતી નથી. અત્યારેય એવી ટેવ કે સૂતા પહેલાં એકાદ પુસ્તકના શબ્દોને વાંચીન મમળાવતાં મળળાવતાં નીંદરાદેવીને શરણે જવું. પર્સમાં, સૂટરની ડેકીમાં, ફ્રિજ પર, ટીપોય પર, ઓશિકાની બાજુમાં, ઓફિસના ટેબલના ખાનામાં કંઇને કંઇ નાની મોટી વાંચન સામગ્રી અવશ્ય મળે.

થોડા દિવસ પહેલાં વોટ્સએપ પર એક દોસ્તનો મેસેજ વાંચ્યો. તેણે કોઇ પુસ્તકના પસંદ કરેલા દસેક પેજ મને ઇ-મેઇલથી વાંચવા મોંકલી આપ્યા હતા. ઝડપથી પી.ડી.એફ. ફાઇલને ડાઉનલોડ કરી વાંચવાનું શરુ કર્યું પણ માંડ દોઢેક પેજ વાંચ્યુ હશે કે નજર એક લીટી થી બીજી લીટી પર કૂદવા લાગી, ધીરે ધીરે શબ્દો બાષ્પીભવન થતાં હોય તેવું લાગ્યું. કોઇ અજીબ બેચેની થવા લાગી. તરત જ કોમ્પ્યુટર બંધ કર્યું અને દુકાનેથી તે પુસ્તક જ ખરીદી લીધું. અને હૃદયને નિરાંત લાગી. હવે શબ્દના ભાવને હું મારા હાથમાં પણ મહેસૂસ કરી શકીશ! હાશ! ગમે તેટલો ઇ-પ્રિન્ટ નો વાયરો ફૂંકાય પણ પુસ્તકો સાથેનો નાતો કદી તૂટી ન શખે. પુસ્તકોનું સ્થાન કોમ્પ્યુટર કયારેય ન લઇ શકે. બેંગ્લોરના એક સોફ્ટવેર એન્જિનિયરે પોતાના મોબાઇલમાં જ એક આખી નવલકથા લખી નાખી. આઇ.ટી. કંપનીમાં સિનિયર પ્રોજેક્ટર મેનેજરના પદ પર કાર્યરત ૩૮ વર્ષીય વિદ્યાશંકર હરપ્પનહલ્લીને ઘરથી ઓફિસ પહોંચવામાં લગભગ એક કલાક લાગતો. તેણે આ સમયનો સદુપયોગ કરી મોબાઇલમાં જ એક નવલકથા લખી નાખી. પણ વિચારો! હાથમાં દળદાર પુસ્તક હોય - હાથ ને સ્હેજ સ્હાજ ખાલી ચડી ગઇ હોય અને છતાંય આપણે તેના શબ્દની દુનિયામાં બેફિકર કરતાં - ભ્રમણ કરતાં રહી શકીએ છીએ. આ મજા મોબાઇલ કે કોમ્પ્યુટર આપી શકતા નથી.

કેટલાક મનોવૈજ્ઞાનિક તો દૃઢપણે માને છે કે, પુસ્તકો વાંચવા - પુસ્તકો સાથે જોડાવું માત્ર બૌદ્ધિક રીતે જ નહિ પરંતુ ભાવનાત્મક રુપે પણ આપણને મજબૂત બનાવે છે. કેટલાંક સંશોધનો દ્વારા નીચેના તથ્યો સિદ્ધ થયાં છે.

- વાંચનથી અલ્ઝાઇમ અને ડિમેંશિયા જેવા માનસિક રોગોથી છૂટકારો મળે છે. ઇ. કનિંઘહામ કહે છે કે, "વાચનનો અર્થ થાય છે, 'રોજ નવું શીખવું.'"
- એક સંશોધન પ્રમાણે જે લોકો પુસ્તકોની દુનિયામાં જીવવું પસંદ કરે છે તે સાંસ્કૃતિ રીતે બધું સંપન્ન હોય છે. તેમને પોતાનો મત પ્રગટ કરતાં સારું આવડે છે. તેઓના વિચારોની અભિવ્યક્તિ બહેતર અને રસપ્રદ હોય છે.
- સી.રસેલે માનવવ્યવહાર સંબંધી એક રિસર્ચમાં સાબિત કર્યું કે વાંચનની પ્રવૃત્તિ એક ચિકિત્સા છે જે તનાવપૂર્ણ ક્ષણોને દૂર કરી હળવાશનો અહેસાસ કરાવે છે.
- આ ઉપરાંત પણ વિશ્લેષણાત્મક અભિગમ, વિચાર શક્તિમાં વધારો, સમૃદ્ધ શબ્દભંડોળ, માનસિક વિકાસ જેવાં અન્ય પણ ઘણાં ફાયદા છે. પુસ્તક વાંચનના. પણ આ ફાયદા વધુ માં વધુ મળે કાગળ અને શબ્દોના માધ્યમથી જ.

મોબાઇલ કે કોમ્પ્યુટરમાં વાંચતી વખતે શબ્દોને ચ્યુંઇગમની જેમ મમળાવી શકાતા નથી. વાંચતા વાંચતા પુસ્તકની કોઇ લીટીએ અટકી જઇએ વિચાર અને સ્વપ્નોની દુનિયામાં સરી જવું ઘણું સરળ રહે છે. 'તને મેં ઝંખી છે. યુગોથી ધીખેલા પ્રહર સહરાની તરસથી...' - સુંદરમ્ ની આ પંક્તિઓ આગળ મોરપિચ્છ મૂકીને ઘણી વખત ઇચ્છા થાય ત્યારે ખોલી - ખોલીને ફરી ફરીને વાંચી છે આ મજા મોબાઇલ કે કોમ્પ્યુટરની ડિઝીટલ - મશીની વાંચન સામગ્રી ન આપી શકે.

બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું ત્યારે અંગ્રેજ સાહિત્યકાર ગિલ્બર્ટ મરેને કોઇએ પુછ્યું : 'અત્યારે જયારે જુવાનો સંસ્કૃતિની રક્ષા માટે જીવ આપી રહ્યાં છે ત્યારે તમે અહીં બેઠાં બેઠાં શું કરો છો?' એ પ્રૌઢ સાહિત્યકારે પોતાના ગ્રંથમાંતી મસ્તક ઊંચક્યું અને પ્રશ્ન પૂછનારને કહ્યું : 'જવાને જેની રક્ષા માટે પ્રાણાર્પણ કરે છે, એ સંસ્કૃતિ તે હું છું અને મારા પુસ્તકોના માધ્યમથી હું પ્રજા વચ્ચે અમરત્વ પામું છું.' સ્ટીફન સ્પેલ્ડરની એક કવિતામાં એક પરાજિત ગામની વાત છે : આ હતાશ અને ત્રસ્ત ગામમાં વૃદ્ધો બાળકોને પાસે બેસાડીને પૂર્વજોની શૌર્યગાથાઓ વાંચી સંભળાવે છે. ગામ ભલે પરાજિત થયું પણ પુસ્તકો દ્વારા તેની સ્વતંત્રતા આ વૃદ્ધોના આત્મામાં અને બાળકોના સ્વપ્નોમાં જીવે છે... આપણી સંસ્કૃતિની ધરોહર પણ પુસ્તકો દ્વારા એક પેઢીથી બીજી પેઢીમાં પ્રવેશે છે. કોઇના માટે સ્મરણ બનીને તો કોઇના માટે સ્વપ્ન બનીને, કાલીદાસ હજારો વર્ષ પહેલાં કાંઇ લખી ગયાં પણ આજેય જીવનની કેટલીયે એકલવાયી ક્ષણોમાં એ આપણો સાથી બને છે. માત્ર પુસ્તકનું એક પાનું ખોલવા માત્રથી તે આપણી સંવેદનાને કોઇક અનેરા જુદાઇ સ્પર્શથી ઝણઝણાવી મૂકે છે. આ ઝણઝણાટી કી બોર્ડની ટીક ટીક - ટીક ટીકથી કોઇ કાળે મહેસૂસ ન થાય - ન જ થાય. શું કહેવું છે? સખી, ચાલ ને આપણી બપોરને સરસ મજાના કોઇ પુસ્તકના ખોળે ધરી દઇને કોઇ અનેરા અમલનો અનુભવ કરીએ.

**- તારી સ્વાતિ**

# પ્રજાકીય અપેક્ષાઓનો અરૂણોદય

# જનતાને હિસાબ આપવાના નવતર પ્રયોગોનો ગુજરાતમાંથી પ્રારંભ



## રાજકાજ

- રાજલ રાજેન્દ્ર રાવલ

પ્રજાએ પસંદ કરેલી સરકાર અને લોકોએ ચૂંટેલા જનપ્રતિનિધિઓ કાર્યરત છે કે તેમને મેણોં ચઢ્યો છે તે કેવી રીતે જાણી શકાય ? સરકાર પ્રજાભિમુખ છે કે વિમુખ તે જાણવાના માપદંડ કયા ? સરકાર દ્વારા રોજબરોજ નીત નવી જાહેરાતો થાય છે, અવનવી યોજનાઓ અમલમાં મુકાય છે, ઉદ્ઘાટનોના ઢોલ નગારા પિટાય છે, આ બધા પ્રયાસોની પાછળ સરકારની ભાવના પ્રજા કલ્યાણની છે કે સ્વપ્રસસ્તીની ? કેવી રીતે નક્કી થઈ શકે ? કોણ નક્કી કરે ?

છાશવારે થતી રાજકીય ટીકા ટીપ્પણીઓનો અંતિમ હેતુ સત્તા માટેનો તલસાટ જ છે તેવું કહેવાની હવે જરૂર નથી. આ વાત જગ જાહેર છે કયાંક ચર્ચાઓમાં, પ્રસિદ્ધિમાં રહેવા માટે થતા વિરોધને લોકો પામી ગયા છે પ્રજા પોતાની પસંદગીનીસરકાર એટલા માટે ચૂંટે છે કે તેની અપેક્ષાઓ પૂર્ણ થાય પરંતુ કમનસીબી એ રહી છે કે લોકશાહીનો રથ ખેંચનારા પ્રજારાહીઓ સત્તાના સિંહાસન પર આરૂઢ થયા પછી લોકોથી લોકો વડે અને લોકો માટેની વિશ્વની મહાન વિચારધારાને રસ્તે રખડતી કરી દીધી હોવાનો આખો લાંબો ઈતિહાસ છે લોકશાહીનો આ રજળપાટ, વલોપાત વર્ષો જૂનો છે.



કોઈપણ સરકાર હોય તેની કામગીરી, લોકભોગ્યતા, અસરકારકતા, પ્રયાસો અને પરિણામ મેળવવા માટે ચોક્કસ સંકલ્પ બદ્ધતા હોવી જોઈએ. પ્રતિબદ્ધતા વગરના પ્રયાસો પરિણામ આપી શકે નહીં. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને એ વાતનો અહેસાસ હોવો જોઈએ કે સરકાર અને પ્રશાસન પ્રજા માટે છે. અને એટલે જ અસરકારક પરિણામ માટે સરકાર દ્વારા અમલી થતી દરેક યોજનાનો હિસાબ જનતાના ચોપડે નોંધવાની આદત હોવી જોઈએ. આઝાદી પછી આપણા રાજકીય પક્ષો, આપણી સરકારો એ પોતાની કામગીરીનો હિસાબ આપવાની બાબતમાં માત્ર ઉધારી ચલાવી છે.

સરકારની વિવિધ યોજનાઓની ભિતરમાં કઈ વિચારધારા છે ? તેના હેતુઓ શું છે ? પરિણામો કેવા છે ? સરકારને અડચણો શું છે ? પ્રજાહિત માટે સુધારણા શું થઈ ? આ બધું જાણવાનો જનતા જનાર્દન ને અધિકાર છે. જનતાની છાતી ઉપર બેસીને વર્ષો સુધી રાજકીય નર્તન થયું, મોટીમસ વાતો થઈ, સરકારી યોજનાઓની આગળ -પાછળ બાપદાદાઓના નામની તકતીઓ તગતગતી પણ કયારેય કોઈ સરકારે પોતે સામે ચાલીને પ્રજાહિત માટે કરેલા કાર્યોનો હિસાબ આપવાનો તર્ક રજૂ કર્યો નથી.

સત્તા માટેની હૂંસાતૂંસી, રાજકીય પક્ષોની બિનલોકશાહી યુક્ત પ્રણાલીઓ તથા અપરિપક્વ રાજનીતીના ડામાડોળ વાતાવરણમાં જનતાને જવાબ આપવાનો, હિસાબ આપવાનો ખ્યાલ ખાડે ગયો હતો. શ્વેત પત્રો, મેનીફિસ્ટો, વાયદાઓ અને વચનોની વિશ્વનીયતા આજકાલ શંકાના દાયરામાં છે જે લોકો સરકારમાં છે, પ્રજાનું પ્રતિનિધિત્વ કરે છે તે સામે ચાલીને જનતાને પોતે કરેલા કાર્યોનો હિસાબ આપવાની વાત એવા લોકો જ કરી શકે જેમનામાં વ્યવહાર કુશળતા હોય અને દાનત શુદ્ધ હોય.

પ્રજાની બક્ષીશ અને પ્રશાસનનો હિસાબ એક નવીજ પરંપરાનો ગુજરાતમાં અરૂણોદય થઈ રહ્યો છે. આ વાત એટલા માટે યાદ આવી ગઈ કે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ૨૨ મી મે થી ૧૫ મી જૂન સુધી ગુજરાતની પ્રજાને તેમની ૧૦૦ દિવસની સરકારના પ્રયાસો અને પરિણામોનો હિસાબ આપવાના છે. બર્થ ડે ગિફ્ટ. પ્રજાને હિસાબ આપવાની સત્તાવાર શરૂઆત ગુજરાતમાંથી થઈ રહી છે. મુખ્યમંત્રીનો આ પ્રયાસ કાબીલેદાદ છે. રાજકીય મૂલ્યાંકન જેને જે કરવું હોય તે કરે પણ મુખ્યમંત્રીશ્રીની જવાબ આપવાની પહેલનો દૃષ્ટિકોણ ઉત્તમ અને સન્માનીય છે, વ્યવહાર કુશળ છે. સરકારની ધુરા એક લોખંડી મહિલાના હાથોમાં સલામત છે. નવી પરંપરાઓનું સર્જન કરવું, નવા ચીલા ચાતરવા અને શેષમાંથી વિશેષ પેદા કરવું તે આનંદીબેનની ઓળખ છે. તેમના અભિગમો મહાન તત્વચિંતક મેકસ મૂલરની વિચારધારાની છાંટ જોવા મળે છે. મેકસ મૂલરની માન્યતા એવી હતી કે પ્રશાસકો અને પ્રજા વચ્ચે પારદર્શીતા હોવી જોઈએ. છેવાડાના માણસ માટે કલ્યાણની હોવી જોઈએ. જનતાને જવાબ આપવાની, હિસાબ આપવાની મુખ્યમંત્રીશ્રીની વાતમાં કયાંક મેકસ મૂલર અને પ્રજા પ્રત્યેનો પ્રેમ જોવા મળે છે.

અહીં આનંદીબેન પટેલની સકરાર દ્વારા એક વર્ષના ટૂંકાગાળામાં સરકારી યોજનાઓ, પ્રશાસનીક વ્યવસ્થા અને કેટલાક જડ નિયમો અને કાયદાઓમાં પરિવર્તન લાવવા માટે જે પ્રયાસો થયા છે તેની વાત છે. અને એટલે જ આ સમગ્ર પ્રક્રિયાને જર્મનના તત્વચિંતક મેક્સ મૂલર સાથે સરખાવીએ છીએ.

ફેડરિક મેક્સમૂલર જર્મનનો મહાન તત્વચિંતક અને પ્રાચ્ય વિદ્યાકાર જેને વિશ્વના પૂર્વીય દેશો તરફ અને તેમાંય ખાસ કરીને ભારત તરફ અનહદ પ્રેમ હતો. મેક્સ મૂલરનું જ્યારે અવસાન થયું ત્યારે મહાત્મા ગાંધી ફક્ત વકીલાત કરતા હતા.

મુલરની વિચારધારા એવી હતી કે કોઈપણ રાષ્ટ્ર કે રાજ્યનો વિકાસ ત્યારે જ સંભવ બને જ્યારે તે દેશના તળના લોકોનો વિકાસ થાય અને આ માટે ગામડાના ગોંદરા સુધી ગામતળ સુધી પ્રશાસને પગરણ કરવું જોઈએ. ફેડરિકસ મેક્સ મૂલરને ભારતના આધ્યાત્મ અને તત્વજ્ઞાન તરફ અનહદ લાગણી હતી તે યુવાન વયે જર્મનથી બ્રિટન ગયો અને ત્યાં પ્રાકૃતભાષા સંસ્કૃત શિખ્યો, મૂલર તત્વવેતા રામકૃષ્ણ પરમહંસથી અત્યંત પ્રભાવિત હતો ખાસ કરીને તેમની વેદ ફિલોસોફીના મૂલર ચાહક હતો.

આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ પણ પછી તો મૂલર ફિલોસોફીને અનુગ્રહી, મહાત્મા ગાંધીનું ગ્રામ સ્વરાજનું સ્વપ્ન તેના માટે પ્રબોધેલી વિચાર સંહિતા મૂલરે પણ પ્રબોધેલી, અર્થાત વિકાસ માટે ગામડાને એકમ માન્યું, મૂલરના ફાધર રીમેન્ટિક જર્મન કવિ હતા અને તેનાં માતુશ્રી અન હલ્ત ડેસાઉના મુખ્ય પ્રધાનની પુત્રી, મૂલરને રાજદ્વારી બાબતો, તત્વચિંતન અને સાહિત્યના સંસ્કાર વારસામાં સાંપડયા હતા. મૂલરની પ્રશાસનીય વિચારધારામાં પ્રજા વત્સલતા કેન્દ્રમાં હતી. મહાન તત્વચિંતક મૂલર અને ગુજરાતનાં મુખ્યમંત્રીની સરખામણી કરવાનો ઉદેશ નથી પણ હા આનંદી બહેન પટેલે જાહેરજીવન, શિક્ષણપ્રેમ, શાસન અને સમાજ માટે વિચારેલી અને તેમના થકી આરંભાયેલી પ્રવૃત્તિઓમાં પણ કયાંક આવી જ મહાન ફિલસુફીને મહેસુસ કરી શકાય છે. વ્યક્તિ વિશેષ ત્યારે જ બને જ્યારે તેનામાં કોઈ વિશેષ વિચારધારાનું બીજારોપણ થાય.

ગુજરાતમાં ગતિશીલ અને લોક કલ્યાણલક્ષી અભિગમ સાથે જે રીતે કામગીરી થઈ રહી છે તે જોતાં મેક્સ મૂલર અને ગાંધી વિચારધારા અવશ્ય યાદ આવે અને એટલા માટે મૂલરની વિચારધારાને આજના સંદર્ભમાં મુલવવી પડે. મુખ્યમંત્રીની કાર્ય પદ્ધતિના છેડા પણ કયાંક આ શ્રેષ્ઠ વિચારધારાને મળે છે. ગુજરાતમાં મુખ્યમંત્રીના એક વિભાગ મહેસુલ વિભાગ દ્વારા આપણો તાલુકો વાયબ્રન્ટ નામની યોજના અમલમાં આવેલી છે. આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો જેનો પાયાગત્ અભિગમ તાલુકા સરકાર અને સરકાર તમારે દ્વાર કેન્દ્ર સ્થાને છે. અર્થાત સત્તાનું વિકેન્દ્રીકરણ ગામના તળ સુધી જવાની વિભાવના, અગિયાર હજાર કરોડના ખર્ચવાળી મહેસુલ વિભાગની આ યોજનાનો મુળ હેતું ગ્રામ્યકક્ષાએ આંતર માળખાકીય સગવડો તથા વિકાસના કામોને પ્રોત્સાહન આપવા માટેનો છે.

એક હજારની વસતીવાળાં ગામડાંને વાર્ષિક દસ લાખ અને તે પછી વસતી અનુસાર ગામડાના વિકાસ માટે રકમો ફાળવવાની વિચારધારાનો મૂળ કયાંથી આવ્યા? ગુજરાતમાં દરેક જિલ્લામાં પ્રાન્ત અધિકારીઓની વ્યવસ્થા કરવાનો ઉદેશ સત્તાનું વિકેન્દ્રીકરણ છે. રાજ્ય સરકારના મહેસુલ વિભાગે ગામ, તાલુકો અને પ્રાન્તકક્ષાની વિવિધ સરકારી કામગીરીઓનું વિકેન્દ્રીકરણ કરી લોકોને ગાંધીનગરના ધકકા ખાવા ના પડે એટલા માટે પ્રાંત અધિકારીઓને જ વ્યાપક સત્તાઓ અને જવાબદારીઓ સોંપી અર્થાત તાલુકા કક્ષા એજ સરકાર ચલાવવાના આ નવતર પ્રયોગથી વિકાસની પ્રક્રિયાને ગતિ સાંપડી છે. સંતુલિત વિકાસ, આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો, જનસેવા કેન્દ્રો આ બધી યોજનાઓમાં સ્વરાજની, સેવાની, પ્રજાકીય સુવિધાઓ માટેની ભાવના છતી થાય છે.



ગુજરાતના લોકોએ રાજકીય પક્ષોની સત્તા અનુભવી છે, સત્તા માટેના ખેલ જોયા છે. પણ પરિણામ કયારથી પ્રાપ્ત થયા?

કચ્છમાં જયારે વિનાશક ભૂકંપ આવ્યો ત્યારે આપણા મુખ્યમંત્રી રાજ્યનાં શિક્ષણ પ્રધાન હતાં, સરકાનું સામાન્ય વહિવટીતંત્ર કચ્છ પહોંચે તે પહેલાં ગુજરાતનું શિક્ષણતંત્ર સેવા અને સહાનુભૂતિના વાવટા ફરકાવી ચુક્યું હતું. કપરા સંજોગોમાં પરિસ્થિતિને કેમ પહોંચી વળવું તેમની આ વિશિષ્ટ આવડત એ યશસ્વી મુખ્યમંત્રીની આગવી ઓળખ છે.

એ દિવસોમાં કચ્છ જિલ્લાના ગામડાઓમાં જઈને નિરાધાર થયેલાં બાળકોને છાતીસરસાં ચોંપી ચોંધાર આંસુએ રડતાં વત્સલ હૃદયી આનંદી બહેન પટેલને અમે જોયાં છે. એક મહિનામાં ૧૭ દિવસ સુધી કચ્છના ગામડાંઓ ખુંદી વળનાર વીરબાળાએ કચ્છની વ્યથિત પ્રજાનાં આંસુ લૂછવાનો તેમને હૈયા ધારણા આપવાનો જે પ્રયાસ કર્યો છે તેનું શબ્દોથી મૂલ્યાંકન કયારેય ના થઈ શકે.

ભૂકંપ પછીની સ્થિતિ - શાળાઓમાં પરીક્ષાઓ કેવી રીતે લેવી ?

કોઈ કહે માસ પ્રમોશન આપો, કોઈ કહે પરીક્ષાઓ ટાળો ખાસ્સો વિવાદ થયો. પેલાં કચ્છી વિદ્યાર્થીઓ, જેમને આનંદીબહેન પટેલે ખભે હાથ મૂકીને કહેલું ધીરજ રાખો બધુ સારું થઈ જશે એ વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રધાનને કહેલું 'અમારે માસ પ્રમોશન નહીં જોઈએ - પરીક્ષાઓ યોજો !

મારી દૃષ્ટિએ એક શિક્ષણ પ્રધાને વિદ્યાર્થીઓમાં પ્રજ્જવલિત કરેલીએ શ્રદ્ધાની જયોત હતી.

કોઈ વિશિષ્ટ વિચાર એ પછી મેકસ મૂલર હોય, પૂ. મહાત્માગાંધી હોય કે આનંદી બહેન પટેલનું પર્યાવરણ! પ્રેરણાસ્રોત કોઈપણ હોઈ શકે એક વાત નિશ્ચિત છે કે બહેનના વ્યક્તિત્વમાં પુનિત શ્રદ્ધા અને આત્મબળ સતત ધબકે છે. એટલે જ સફળ છે અને સામે ચાલીને પોતાની સરકારનો હિસાબ આપવાની વાત કરે છે.

# પાદરીની મુલાકાત પછી વઢકણી અને કંકાસી ગુડી એક પ્રેમાળ પત્ની બની જતાં એક સપ્તાહમાં તો સુરજિત અને ગુડીનું જીવન હર્ષોલ્લાસથી મહેકી ઉઠ્યું

## તાવીજ

- જય ગજ્જર

થોમસ હાર્ડી કેથલિક પાદરી હતો. ધર્મશાસ્ત્ર અને માનસશાસ્ત્ર સાથે એમ.એ. સુધી અભ્યાસ કરેલો.

ચર્ચમાં એક દિવસ પાઘડી પહેરેલ શીખને જોઇ એમને આશ્ચર્ય થયું. ચર્ચ સર્વિસ પૂરી થતાં એની પાસે જઇ પુછ્યું, "તમે આ શહેરમાં નવા છો?"

"હા જી. શીખ છું. આ વિસ્તારમાં કોઇ ગુરુદ્વારા નહિ હોવાથી પ્રાર્થના કરવા અહીં આવ્યો છું. અંતે બધા દેવ એક જ છે ને!"

"હા. ગોડ ઇઝ. વન. ગોડ ઇઝ ગ્રેટ. માણસે એના જુદા જુદા ફાંટા પાડ્યા કરે છે. દરેક ધર્મ સત્ય, અહિંસા અને માનવપ્રેમની હિમાયત કરે છે. મનુષ્ય માત્ર આ સનાતન સત્ય સમજે તો આ ધરતી પર વેરઝેર, ખુનામરકી અને આતંકવાદ ન રહે."

"એ તો ઠીક, પણ માનસિક શાંતિ માટે કોઇ ઉપચાર તમારો ધર્મ શિખવે છે?" "હા તમારે કેવી શાંતિ જોઇએ છે?"

"મારી પત્ની વઢકણી છે, બહુ કંકાસી છે. પરણીન આ દેશમાં આવી ત્યારે સારી હતી પણ એકાદ મહિના પછી રોજ કંકાસ જ કરે છે. પ્રેમ જેવું એની પાસે જાણે છે જ નહિ."

"એવું બને નહિ. તમે એને પ્રેમ કરો છો?"

"હા, બહુ જ. માત્ર પ્રેમ જ નહિ, એનો પડતો બોલ ઝીલી લઉં છું. ક્યારેક એને માથું દબાવી દઉં છું. ક્યારેક પગ પણ દબાવી દઉં છું."

"તો પછી આવું કેમ બને છે? તમે ગુસ્સે થઇ તમારી પત્ની સાથે દલીલો કરો છો?"

"ના. એ પરણીને આવી ત્યારે તો બહુ ડાહી અને પ્રેમાળ લાગતી હતી. પણ પછી શું થયું એ મને સમજાતું નથી."

"કાલે એને મને મળવા મોક્લજો. હું પતિ-પત્નીના ધર્મની વાત કરી કારણ શોધી કાઢીશ."

બીજા દિવસે ગુડી પાદરીને મળવા ગઇ. પાદરીએ વાતચીત દરમિયાન કારણ શોધી કાઢ્યું. એના પહેલાં પ્રેમને એ ભૂલી શકતી નહોતી. પતિના સમાગમમાં એનું મન ચોટતું નહોતું. એના પ્રેમીએ સમાગમ તૃપ્તિનો જે અનુભવ કરાવ્યો હતો એની સરખામણીમાં પતિનું સુખ કંઇ નહોતું, એટલે એના એ પ્રેમીના વિચારોમાં મન હંમેશા ઉશ્કેરાયેલું રહેતું. એની પાસે ભાગી જવાના સતત વિચારો કરતી રહેતી.

પાદરીને એનું માનસ સમજાઇ જતાં એક મનોવૈજ્ઞાનિક રીતે સમગ્ર ઘટનાનું વિશ્લેષણ કર્યું. એના મનમાંથી એ પ્રેમીના વિચારો હાંકી કાઢી પતિમાં મન પરોવાય એ માટે એક તાવીજ આપતાં કહ્યું, "આ તાવીજ તારા જમણા હાથે બાંધી રાખજે એન તમારા શયનખંડમાં તારા પતિનો મોટો ફોટો તારી આંખ સામે સદા રાખજે."

ગુડીએ પાદરીની સલાહ પ્રમાણે પ્રયોગ કર્યો. આંખ સામે એને સુરજિત જ દેખાવા લાગ્યો. પાદરીની મુલાકાત પછી વઢકણી અને કંકાસી ગુડી એક પ્રેમાળ પત્ની બની જતાં એક સપ્તાહમાં તો સુરજિત અને ગુડીનું જીવન હર્ષોલ્લાસથી મહેકી ઉઠ્યું.